# પ્રકરણ - ૧૯ જાતીય કાર્યકર બહેનો (Sex Worker Women)

જાતીય કાર્યકરોનું સંગઠન
બને તો જ તેમના
માનવીય અને કાયદાકીય હક્કોની
માંગણી વધુ
જોરદાર બની શકે.



**વિષયસૂચિ :**

**૧.૦ સ્ત્રીઓ વેશ્યા વ્યવસાય કેમ અપનાવે છે ?**
**૨.૦ તેઓની આરોગ્ય સમસ્યાઓ :**
**જાતીય રોગ, સગર્ભાવસ્થા, હિંસા.**
**૩.૦ જાતીય રોગ અટકાવવા માટે શું કરશો.**
**૪.૦ જાતીય રોગ થઇ જાય તો તેની સારવાર**
**૫.૦ પરિવર્તન માટે પ્રયાસ**
સંગઠન રચવું,
નિરોધ વાપરવા આગ્રહ રાખવો.

જાતીય કાર્યકર એટલે નાણાં માટે શરીર સંબંધ બાંધે તે બહેનો. આપણા સમાજમાં આ બહેનોનું બજારુ અને જાતીય શોષણ થાય છે. તેથી અંગ્રેજીમાં તેમને કોમર્શિયલી એન્ડ સેકસ્યુઅલી એક્સ્પ્લોઇટેડ વીમેન (Commercially & Sexually Exploited Women - CSEW) પણ કહેવામાં આવે છે. આ બહેનો પારંપરિક રીતે વેશ્યા કે ગણિકા પણ કહેવાય છે. આ બહેનો સામાજિક રીતે તિરસ્કૃત/બહિષ્કૃત હોય છે. તેથી તેમના જીવનમાં અનેક સમસ્યાઓ આવે છે. તેમની સમસ્યાઓના ઉકેલ અઘરા હોય છે. તેમની સ્વાસ્થ્ય સમસ્યાઓના પ્રશ્નો વિશેષ ધ્યાન માંગે તેવા છે. તેથી આ પ્રકરણ લખવામાં આવ્યું છે.

> તેઓ પણ બીજી સ્ત્રીઓની જેમ રોજી રળવા માટે જ આ કામ કરે છે.

આપણે ત્યાં પૈસા મેળવવા માટે શરીર સંબંધ બાંધતી સ્ત્રીઓને વેશ્યા કે ગણિકા કહી ઉતારી પાડવામાં આવે છે. પણ પૈસા કે અન્ય વસ્તુ લઇ શરીર સુખ આપનારી આ સ્ત્રીઓ પણ અંતે તો પોતાની રોજી રળવાની મથામણમાં જ હોય છે.

તેઓને અંગે ઘણી ગેરવ્યાજબી માન્યતાઓ છે. સામાન્ય માન્યતા એવી છે કે આ બેનો અધૂરા કપડાં પહેરી, કોઠામાં બેસી પુરૂષોને લલચાવતી હોય છે કે રસ્તા પર અને ગલીઓમાં જાતજાતના ઘરેણા અને લાલી-લગાવી પુરૂષોનો શિકાર શોધતી હોય છે. પણ આ માન્યતા સાચી નથી.



આ સ્ત્રીઓ પણ અન્ય સ્ત્રીઓ જેવી જ હોય છે. તે કોઠા પર, ગલીઓમાં, દારૂની દુકાનોમાં, હોટલોમાં કે ઘરમાં, રહીને કામ કરતી હોય છે. તેઓની એક જ મજબૂરી છે કે તેઓને પૈસાની ખૂબ જરૂર હોય છે. આજના જમાનામાં આ વ્યવસાય જુદા જુદા સ્વરૂપે જોવા મળે છે. જેમ કે મોટી હોટલોમાં, કલબમાં, પાર્ટીમાં, હાઇવે પર, કોલ ગર્લ્સ તરીકે ઘણી સ્ત્રીઓ કામ કરતી હોય છે. આમાંની કેટલીક સ્ત્રીઓ નિયમિત રીતે આ કામ કરતી હોય છે. તો કેટલીક સ્ત્રીઓ ક્યારેક ક્યારેક નાની-મોટી જરૂરિયાત પડે ત્યારે આ કામ કરી લેતી હોય છે, જેમકે નોકરી મેળવવા કે ઘર મેળવવા, વગેરે.

આવી બેનોની આરોગ્ય સમસ્યાઓ અંગે માહિતી મળે, તેઓની સમસ્યાઓ અંગે બીજાને જાણ થાય અને સામાન્ય સમાજ તેમની વાત સમજી શકે માટે આ પ્રકરણ અહીં સમાવવામાં આવ્યું છે. અલબત્ત, તેઓ પોતે આ વાંચીને પોતાની સમસ્યાઓનો અંત લાવવા પ્રયત્નો કરે તે જરૂરી છે જ !

## ૧.૦ સ્ત્રીઓ વેશ્યા વ્યવસાય કેમ અપનાવે છે ?


> આમાંની મોટા ભાગની સ્ત્રીઓ ઇચ્છે છે કે તેઓ પણ ભણે-ગણે અને નોકરી કરે તો સારું, જેથી સમાજમાં તેમનો આદર થાય.

ઘણા લોકો માને છે કે વેશ્યા બનતી સ્ત્રીઓ ખરાબ ચારિત્ર્યવાળી હોય છે અને તેમને મહેનત કરીને રોજી નથી રળવી હોતી માટે આ ધંધો કરે છે. પણ ના, આ વાત હંમેશા સાચી નથી. મોટા ભાગની આવી સ્ત્રીઓ શરૂઆતમાં તો ખોરાક, ઘર કે બાળકોની સંભાળ માટે પૈસા કમાવવા આવું

કામ કરે છે અને પછી એક વાર આ કામ કરવા લાગે એટલે તે સમાજમાંથી તરછોડાઇ જાય છે. તેના નજીકના સગાં-કુટુંબીજનો તેની સાથે કોઇ વ્યવહાર રાખતા નથી. આમ એકલી, એકાકી સ્ત્રી આ કામના ચક્રમાં વધુને વધુ ફસાય છે.

કેટલીકવાર આવી સ્ત્રીઓના જીવનમાં કાંઇક બની ગયું હોય છે માટે તેમની સાથે કોઇ લગ્ન કરવા તૈયાર નથી હોતું કે સંબંધ રાખતું નથી. ઘણીવાર અણસમજમાં કુંવારી માતા બનતી સ્ત્રીઓ કે બળાત્કાર જેવી હિંસાનો ભોગ બનેલી સ્ત્રીઓ, ત્યકતા કે વિધવા સ્ત્રીઓ જેનું આગળપાછળ કોઇ ના હોય તેવી સ્ત્રીઓ આ કામમાં ફસાય છે. મોટે ભાગે પોતાનું ગુજરાન ચલાવવાની આવડત/ભણતર/મૂડી તેમની પાસે હોતી નથી.

**નવલની વાર્તા** : નવલ દરરોજ સવારે પોતાની ખોલીમાં પોતાના બે બાળકોને પૂરીને ''કામે'' જાય છે. તેનો પતિ મિલમાં નોકરી કરતો હતો, તે મિલ બંધ પડતાં છૂટો થયો અને હવે તેને પૂરતું કામ મળતું નથી. નવલ શહેરના પૈસાવાળાને ઘર/બંગલે કામ કરતી હતી. ત્યાં એને ઘણીવાર મજબૂરીથી ઘરના માલિકો કે તે જ ઘરોમાં કામ કરતા બીજા નોકરો સાથે સંબંધ કરવો પડતો. ધીરે ધીરે બીજા લોકો પણ તેને આ કામ માટે બોલાવતા થયા. કેટલીકવાર પોલિસો તેને બીક બતાવી તેનું શોષણ કરે, તો દુકાનવાળા વસ્તુના બદલામાં શરીર સંબંધની માંગણી કરેને ક્યારેક ઘરમાલિક તેને થોડાક વધુ પૈસા કે ઘરેણુ/વસ્તુની લાલચ આપી આ કામ કરાવે છે. તે ૨૪ વર્ષની જુવાન છે તેને આ કામ ગમતું નથી. છતાં હવે આ કામથી તે ટેવાઇ ગઇ છે. કારણકે તેમાંથી તે પૈસા બચાવી તેના બાળકોને શાળાએ મોકલી શકશે એવી શ્રધ્ધા છે. તેનું પોતાનું બાળપણ તો આંધળા બાપને ભીખ માંગવા માટે રસ્તાઓ ઉપર



દોરવામાં પુરૂ થયું, ભણવાનું તે કેવું ? ૧૪ વર્ષની ઉંમરે તો તેના લગ્ન થયા. પતિ દારૂડિયો ને તેના માથે ત્રણ બાળકો ઉછેરવાની જવાબદારી છે. નવલ પાસે એવી કોઇ આવડત નથી જેમાંથી તૈ પૈસા કમાઇ શકે. માટે તે આ કામ કરે છે.તે પોતાના બાળકોને ભણાવવાનો ખર્ચ કાઢવા આ કામ કરે છે.



આ જુવાન છોકરીના માતા-પિતા પાસે બીજા બાળકોને ભણાવવાના કે તેમનું પુરૂ કરવાના પૈસા નથી તેથી તે આ કામમાં ફસાય છે. તેના માતા-પિતા આ ''કામ'' વિશે જાણે છે પણ તે જે પૈસા લાવે છે તેનાથી તો ઘર ચાલે છે. તેથી તેને રોકતા નથી.



આ સ્ત્રીનો પતિ ગુજરી ગયા પછી તેને સાસરામાંથી બે બાળકો સાથે કાઢી મૂકી હતી. તેને પિયરમાં પિતાની મિલકત/જમીનમાં કોઇ હક્ક ન હોવાથી બાળકોને મોટા કરવા માટે જાતીય કામ કરવું પડે છે.

છોકરીને થોડા પૈસાની લાલચમાં તેના પિતાએ શેઠિયાને આપી દીધી. તેને શેઠિયાએ કહ્યું હતું કે તે આ છોકરીને પરદેશમાં સારી નોકરી અપાવશે. પણ અંતે તો તેને એક કોઠાવાળાને ત્યાં વેચી દેવામાં આવી. એકવાર આ રીતે બીજા દેશમાં ગેરકાયદે કામ કરવાને કારણે તેની પાસે પોતાના દેશમાં ઘરે પાછા ફરવાનો કોઇ ઉપાય જ ના રહ્યો. તે આજે પણ એ જ કામ કરે છે ને પિતાને પૈસા મોકલાવે છે.

ઘણા પુરૂષો એમ માને છે કે મોટી ઉંમરની વેશ્યાઓ સાથે સંબંધ રાખવાથી રોગ થાય છે તેથી આ ધંધામાં નાની છોકરીઓની માંગ ઘણી વધારે છે.

## ૨.૦ વેશ્યા વ્યવસાય કરતી સ્ત્રીઓની આરોગ્ય સમસ્યાઓ :




જાતીય કાર્યમાં જોડાયેલી કેટલીક બેનોના સમૂહમાં જોવામાં આવ્યું છે કે ૧૦ માંથી ૯ બેનોને જાતીય રોગ હોય છે.

**જાતીય રોગ** : અનેક જુદા જુદા પુરૂષો સાથે શારીરિક સંબંધ કરતી આ સ્ત્રીઓને દરેક પ્રકારના જાતીય રોગ લાગવાનો ભય છે. સિફીલીસ, ગોનોરીયા, કલેમાઇડીયા હોવાને કારણે તેઓ એચ.આઇ.વી.ના ભોગ પણ જલ્દી થાય છે. નાની છોકરીઓના ગુહ્યાંગો પૂર્ણતઃ વિકસેલા ના હોવાથી તેઓને ગુહ્યાંગમાં વારંવાર ઇજા થાય છે. તેથી તેમને કોઇ પણ ચેપ વધુ જલ્દીથી લાગી જાય છે. આ કામ કરનાર બેનોને વ્યંધત્વ અને કેન્સર જેવી સમસ્યાઓનો પણ સામનો કરવો પડે છે.

તેમાંની ઘણી બેનો નિરોધ વાપરવા માંગે છે પણ તેની પાસે આવતા પુરૂષો ''મજા ન આવવા'' નું બહાનું કાઢી તેને સહકાર નથી આપતા. ઘણા તો વળી આવી વાતથી ચિડાઇને તેને પૂરા પૈસા નથી આપતા કે ગુસ્સે થઇને વધુ હિંસક રીતે તેની સાથે વર્તે છે.

રોગના ભોગ બનેલી સ્ત્રીઓને સરકાર ખાસ રક્ષણ કે સારવાર આપે નહીં કારણકે આ ધંધો ગેરકાયદેસર છે. વળી અન્ય આરોગ્ય કેન્દ્રો પર આ સ્ત્રીઓ સેવા લેવા જાય ત્યારે તેને લોકોની અને ત્યાંના સ્ટાફની ઘૃણાના પાત્ર બનવું પડે છે. આવા સંજોગો વખતે તેઓ પોતાનો ધંધો છૂપાવે છે. તો પણ સામાજિક વ્યવસ્થાને કારણે તેઓને પૂરેપૂરી સારવાર મળી શકતી નથી.




**સગર્ભાવસ્થા :** જાતીય કાર્યકર બેનો ઘણી વાર સગર્ભા થાય છે. આ સમયે જો તે કામ ચાલુ રાખે તો તેને પોતાને અને આવનાર બાળકને તકલીફ થાય. જો તે સગર્ભાવસ્થા ચાલુ રાખવા માંગતી હોય તો તેના આવનાર બાળકના ભવિષ્ય માટે તે પરેશાન થઇ જશે. જો તે ગર્ભપાત કરાવવાનો નિર્ણય કરશે તો દવાખાનાની બીકને લીધે તેને બિનસલામત રીતથી ગેરકાયદેસર મહિના પડાવવા પડશે. તેથી વળી તેનું સ્વાસ્થ્ય હજી વધુ જોખમાય છે. આમ આ સ્ત્રીઓ માટે સારા ગર્ભનિરોધક સાધનો સહેલાઇથી ઉપલબ્ધ હોવા જોઇએ.

**હિંસા :** ઘણીવાર આવી સ્ત્રીઓ કોઠા પર બીજી આવી જ બેનોની સાથે રહેતી હોય છે. આ બધી જુવાન સ્ત્રીઓનું ધ્યાન રાખવા માટે કોઠાની માલિકણ કે માલિક હોય છે. આ લોકો તેઓના ધંધામાંથી પૈસાનો ભાગ તો પડાવે જ છે પણ તે ઉપરાંત તેમને કાબૂમાં રાખવા માટે તેઓ હિંસક રીતો અપનાવે છે. તેમાં મારઝૂડ ઉપરાંત અન્ય પ્રકારની માનસિક કે શારીરિક હિંસા તેઓ પ્રતિ આચરવામાં આવે છે.

આ પ્રકારના કામ કરતી સ્ત્રીઓને ઘણીવાર પોલીસો ખૂબ હેરાન કરે છે. તેનું કારણ આપણે ત્યાંના કાયદા પુરૂષ તરફી છે એટલું જ નહીં પણ ઘણીવાર પુરૂષોને આવી સ્ત્રીઓથી બચાવવા માટે જ જાણે કાયદા ઘડાયા હોય તેવું લાગે છે. તેથી આવી સ્ત્રીઓની ધરપકડ થાય, મારઝૂડ કરે, પોલિસ દ્વારા બળાત્કાર થાય અને તેને વારંવાર કાયદાના રક્ષકોને હપ્તા ચૂકવવા પડે છે !



જો તમને આવી કોઇ તકલીફ થતી હોય તો તમે આ બાબતના કાયદાની બરાબર જાણકારી મેળવી લો અથવા આવી બેનોને મદદ કરતી સંસ્થાના પરિચયમાં રહો. કદાચ ગણિકા-યુનિયન કે સંગઠન બન્યું હોય તો તેના સભ્ય થઇ સંગઠન વધુ મજબૂત બનાવો જેથી ઘણી સ્ત્રીઓને મદદ મળે.

## ૩.૦ જાતીય રોગ અટકાવવા શું કરશો ?

જો તમારે આ કામ કરવું જ પડતું હોય, તેમાંથી પાછા વળવાની કોઇ શક્યતા ના હોય તો તમારા ગ્રાહક પાસે સલામત શરીરસંબંધ રાખવાનો આગ્રહ કરો. આ થોડું મુશ્કેલ તો છે જ પણ પ્રયત્ન કરી શકાય. જાતીય રોગ, ગુહ્યાંગોના ચેપ અને જાતીયતા અંગે આ પુસ્તકમાં આપેલા પ્રકરણોનો અભ્યાસ કરો. ગર્ભનિરોધ અને કુટુંબનિયોજનની પધ્ધતિઓ વિશે માહિતી મેળવો. આટલું તો જરૂર જાણો :



✷ દરેક શરીર સંબંધ વખતે નિરોધનો ઉપયોગ કરો. આ અંગે તમારા ગ્રાહકને પણ બરાબર સમજાવો. તેના ઉપયોગથી તમે બંને એઇડ્ઝ જેવા ભયંકર રોગથી બચી શકશો એ વાત તેમને કહો. તેમ છતાં તેમને પૂરેપૂરૂં શરીર સુખ અને આનંદ તો તમે આપવાના જ છો તેવી ખાત્રી આપો. તેઓ જરૂર માની જશે. કારણ તમે એમને એવું પણ કહો છો કે નિરોધ વાપરવાથી તેમની પત્નિ અને બાળકોની જીંદગી પણ નિરોગી બનશે. ગ્રાહકના ગુહ્યાંગોમાં કોઇ ચાંદા કે ફોલ્લા હોય તો તેને યોનિમાર્ગે કે ગુદા માર્ગે સંભોગ કરવાની સાફ ના પાડી દો.



✷ જો તમારા ગ્રાહક તમારી વાત નહીં સમજે એવું લાગે તો પ્રયત્ન કરો કે યોનિમાર્ગ કે ગુદાસંભોગને બદલે બીજી રીતે તેને તમે શરીર સુખ આપો. જેમ કે, હાથવડે વીર્યસ્ખલન કરાવવું, મુખમૈથુન, જાતીય ઉત્સુકતા જગાડે તેવી વાતો કરવી, સ્પર્શ કરવા કે અન્ય રીતે તમે તેને સંતોષ આપી શકો.






✸ શક્ય હોય તો શુક્રાણુનાશક રસાયણ અને ડાયાફ્રામ (ગ્રીવાટોપી) નો ઉપયોગ કરો. તે નિરોધ કરતાં ઓછું રક્ષણ આપે છે, પરંતુ તદ્દન અરક્ષિત સંભોગ કરતાં સારી પધ્ધતિ છે. જો કે વારંવાર શુક્રાણુનાશક વાપરવાથી કેટલીકવાર યોનિમાર્ગ આળો થઇ જાય છે અને તો પછી ઇજા થવાનો કે ચેપ લાગવાનો સંભવ વધુ છે. આ રસાયણ એકાંતરે વાપરી શકાય. ડાયાફ્રામ (ગ્રીવાટોપી) સંબંધ શરૂ કરતાં પહેલાં પહેરવાની હોય છે અને સંબંધ પૂરો થાય પછી ૬ કલાક સુધી એમ જ રહેવા દેવી.

**નોંધ :** બ્લીચ, ડીટર્જન્ટ કે સાબુથી યોનિમાર્ગ ધોવાથી પણ નુકશાન થાય છે.

## ૪.૦ જાતીય રોગ થાય તો સારવાર કરો.

> જે જાતીય રોગની વેળાસર સારવાર ન થાય તે રોગથી ગંભીર બિમારી થાય છે અને મરણ પણ થઇ શકે છે.

જેટલી બને તેટલી વહેલી સારવાર કરો. નજીકના સરકારી કેન્દ્રમાં જાતીય રોગ માટે ખાસ ક્લિનીક ચાલે છે કે નહિ તેની તપાસ કરો. શક્ય હોય તો નિયમિત ચેકઅપ કરાવતા રહો. જો તમને ગુહ્યાંગમાં ચાંદી/ફોલ્લી દેખાય, પેઢુમાં દુ:ખાવો રહે, યોનિમાંથી અસામાન્ય પ્રવાહી જાય કે લોહી પડે તો તરત જ તપાસ કરાવો. ડૉક્ટર પાસે જઇ સારવાર લો. જો તમને એન્ટીબાયોટીક (જીવાણુવિરોધી) દવાઓ આપે તો તેનો કોર્સ ચીવટપૂર્વક પૂરો કરો.

**એઇડ્ઝની તપાસ :** સામાન્ય તપાસમાંથી એઇડ્ઝની ચોક્કસાઇ થતી નથી. અહીં આપેલા એચ.આઇ.વી. એઇડ્ઝ પ્રકરણમાં જોઇને પૂરેપૂરી તપાસ અને લોહીના ટેસ્ટ કરાવીને તમે ખાતરી કરી શકો. સરકારી-જિલ્લા સ્તરની હોસ્પિટલ, જેમાં જાતીય રોગની ક્લિનીક હોય ત્યાં તપાસ કરવાથી માહિતી મળી શકે. તદ્દુપરાંત દરેક મેડીકલ કોલેજ સાથે જોડાયેલી હોસ્પિટલોમાં પણ આને અંગે વિશેષ સગવડ હોય છે. ખાનગીમાં આ તપાસ ખાસ્સી ખર્ચાળ હોય છે. છતાં આ એક વિશેષ તપાસ હોવાથી તેના નિષ્ણાતો પાસે જવું વધુ હિતાવહ છે.



## ૫.૦ પરિવર્તન માટે પ્રયાસ

**નિરોધ વાપરવા માટે ચર્ચા કરો :**

ગ્રાહકને નિરોધ વાપરવા સમજાવવાના જુદા જુદા રસ્તા શોધી કાઢો. ધીરજપૂર્વક તેને જો ખાત્રી આપશો કે તેને પૂરેપૂરું સુખ તમે આપવાના જ છો તો તે જરૂર માની જશે.



✸ તમારા જેવી અન્ય બેનો સાથે મળીને સંગઠન બનાવો. બધા એકસાથે નક્કી કરો કે નિરોધ વગર શરીર સંબંધ નહીં જ કરીએ. તો ધીમે ધીમે પુરૂષો તેનો સ્વીકાર જરૂર કરશે. છતાં દુરાગ્રહ રાખનાર પુરૂષ ગ્રાહકને બધી બેનો થઇને કાઢી મૂકો. શરૂઆતમાં મુશ્કેલી પડશે. પણ જો બધી બેનો ભેગી થઇને એક જ પધ્ધતિ અપનાવશો તો જરૂર નિરોધ વાપરવાનો નિયમ દાખલ કરી શકશો. સંગઠનમાં તમે એક-બીજાને શીખવાડી પણ શકો.

✸ જો તમારા જેવી ઘણી બેનોનું સંગઠન મજબૂત બને તો તમે સરકાર ઉપર તમારા માટે ફાયદાજનક કાયદા ઘડવાનું દબાણ લાવી શકો. પોલિસ કે અન્ય સ્થાપિત હિતોની સામે વધુ હિંમતપૂર્વક કામ કરી શકશો. તેથી તમારુ શોષણ ઘટશે. શકય હોય તો કોઇ સ્વૈચ્છિક સંસ્થાની મદદ લો.

✸ નવી નવી આવડતો મેળવો, જેથી આ ધંધો જ ચાલુ રાખવાની મજબૂરી ઘટી શકે.

✸ તમારા બચત ધિરાણ જૂથો બનાવો અને જુદા જુદા ધંધાઓ કરી આવક વધારવા માટે ધિરાણ લો.

**જો તમે સ્વૈચ્છિક સંસ્થામાં કાર્યકર હો તો :**

તમારા કાર્યક્ષેત્રમાં જો આવી બેનો તમને મળે તો

✸ તેમની તરફ ખૂબ માયાળુ અને આદરપૂર્વક વર્તન કરો.

✸ આવી બેનો માટેના નિયમો, કાયદા જાણીને તેને મદદ કરવાની કોશિશ કરો. પોલિસ કે અન્ય તંત્ર તેમને હેરાન ના કરે તેની કાળજી રાખો.

✸ આ બેનોને નિરોધનો જથ્થો નિયમિત મળી શકે તેની કાળજી રાખો. તેઓ પોતાના ગ્રાહકોને કેવી રીતે સમજાવી શકે તે અંગે તેમની સાથે ચર્ચા કરો.




દુનિયાભરની જાતીય કાર્યકર બેનો હવે સંગઠિત થઇ રહી છે. તેઓ તેમના પાયાના અધિકારો વિશે માંગણી પણ આગળ વધારી રહી છે.

✸ તમે આરોગ્ય કાર્યકર તરીકે જાતીય રોગની સારવાર શીખી લાવો. તમારી સંસ્થા કે ઉપરી ડૉક્ટરની તબીબી સલાહ આ બેનોને નિયમિત ઓછા ખર્ચથી મળે તેનો પ્રયત્ન કરો. જાતીય રોગની દવાઓ સહેલાઇથી તેમને મળી રહે તે માટે માળખુ ગોઠવો.

✸ માતા-પિતા આર્થિક સંકડામણ ટાળવા પોતાની નાની બાલિકાઓ કે જુવાન પુત્રીઓને આ કામમાં ન ધકેલે તેનું ધ્યાન રાખો. ખાસ કરીને થોડા પૈસા આપીને છોકરીઓને બહારગામ કે પરદેશ લઇ જનારાની જાળમાં તેઓ ના ફસાય તેનું ધ્યાન રાખો.

✸ તમારા વિસ્તારમાં દૂરના ગામોમાંથી કે અન્ય રીતે ઘરેથી નાસીને આવેલા બાળકોનું ધ્યાન રાખો. તેમને માટે આશ્રયગૃહ બનાવો, વિવિધ પ્રવૃત્તિઓ આપી તેઓ શરીર વેચવાનો ધંધો ના કરવા લાગે તેની તકેદારી રાખો.

✸ તમારે આવી બહેનોને અન્ય કુશળતાઓ શીખવવી જોઇએ જેથી તેઓ માત્ર આ જ વ્યવસાય પર આધારિત ના રહે. આમ કરવાથી તેઓ તેમના ગ્રાહક સમક્ષ લાચાર નહીં રહે અને પોતાનું સામાન્ય જીવનધોરણ જાળવી શકશે. જરૂર પડ્યે તે ગ્રાહકને ના પાડી શકે અને છતાં તેને ભૂખે મરવાનો સમય ના આવે.




હવે આ વ્યવસાયમાં પડેલા બેનો પણ સંગઠિત થવા લાગ્યા છે અને તેઓ પોતાનું જીવન સુધરે તેના પ્રયત્નો કરી રહ્યા છે. તેઓના ધંધાને પણ બીજા જેવું જ સ્થાન તથા કાયદાનું રક્ષણ મળે તેવી તેઓની માંગણી છે.

## શું જાતીય કાર્યકર બહેનો એચ.આઇ.વી. એઇડ્ઝ માટે જવાબદાર છે ?

જે સ્ત્રીઓ આ વ્યવસાયમાં પડેલી છે તેમને ઘણું અપમાન મળે છે અને આક્ષેપબાજીનો સામનો કરવો પડે છે. એમ સામાન્ય મત હોય છે કે આપણા સમાજમાં એચ.આઇ.વી./એઇડ્ઝ ફેલાવા માટે આ બહેનો જ જવાબદાર છે. પણ ખરી રીતે જોઇએ તો આ બહેનોને એચ.આઇ.વી.નો ચેપ આપનાર પુરુષ હોય છે. જે આ ધંધો કરતી બહેનોને તથા પોતાની પત્નિને પણ એચ.આઇ.વી.નો ચેપ આપે છે. સ્વાભાવિક રીતે જ આ પુરુષો આ અંગે કોઇ પણ જવાબદારી લેતા નથી.

પરિવર્તન માટેના મુખ્ય પ્રયાસોમાં અગત્યનો પડાવ એ છે કે, સામાજિક રીતે જાગૃત પ્રત્યેક નાગરિક પોતાની રીતે વધુ જવાબદાર જાતીય જીવન અંગે પ્રતિબધ્ધ બને. તથા જાતીય કાર્યકરોને મદદરૂપ બને તેવી રીતે પોઝીટીવ વલણ રાખી તેઓને સામાજિક તિરસ્કારમાંથી બચાવવા જાગૃતિની કોઇપણ પ્રવૃત્તિઓમાં જોડાય.

જાતીય કાર્યકર બહેનોએ કાયદો અને સુરક્ષા સંસ્થાનો બન્ને તરફથી ઓરમાઇ વર્તણૂંકના ભોગ બનવું પડે છે. તેમનો ધંધો ગેરકાયદેસર ગણાવાથી અથવા કોઇપણ પ્રકારની નોંધણી વગર કામ કરતી આ બેનો પોતાની મજબૂરીને કારણે આ ધંધામાં કામ તો કરે છે. પરંતુ સામાજિક સુરક્ષાનું કોઇ પણ માળખું તેમના માટે ના હોય તેવી રીતે તેઓને ક્યાંયથી રક્ષણ મળતું નથી તેથી તેમની પરિસ્થિતિ સુધારવાના પ્રયાસો પણ ધીમા સાબિત થાય છે.

સુરતના રેડલાઇટ વિસ્તારમાં કામ કરતા સરસ્વતીબેન કહે છે, ''અમારી પરિસ્થિતિ માટે અમને ગુન્હેગાર ના ગણો. જે લોકોને કારણે અમારી આ હાલત થઇ છે તેમની તરફ ધ્યાન આપો તો સારું. બાકી કઇ સ્ત્રીને પોતાનું નાનકડું ઘર લઇને બેસવાની ઇચ્છા ના હોય ? અત્યારે અમારી જે હાલત છે તેમાં અમે મરી જ રહ્યા છીએ અને તેમાંય એચ.આઇ.વી.-એઇડ્ઝ આવ્યો એટલે અમારું મરવાનું નિશ્ચિત છે.''

